# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/182 Dt. 13/10/2025

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના રિલિફ ફંડમાંથી નવસારીના તલાવચોરા અને બામણવેલ ગામમાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત પરિવારોને મદદ મોકલવામાં આવી

**સુરતઃ** આ વર્ષે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ હતી, જેમાં ખાસ કરીને નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના તલાવચોરા અને બામણવેલ ગામોમાં ભારે વરસાદ અને તોફાની પવનના કારણે અનેક ઘરોને નુકસાન થયું હતું. ગત મહિને આવેલા લઘુ ચક્રવાતથી આ બંને ગામોમાં અનેક ઘરોનાં પતરાં ઉડી ગયાં હતાં, જેના કારણે અસરગ્રસ્તોને રહેવા માટે ગંભીર મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

આ સ્થિતિની ગંભીરતા પારખીને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પોતાના રિલિફ ફંડ મારફતે ઉપરોકત બંને ગામોના અસરગ્રસ્ત પરિવારોને સિમેન્ટના ૬૦૦ પતરાં મોકલવામાં આવ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આ મદદ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી અસરગ્રસ્તોને પહોંચાડવામાં આવી છે, જેથી અસરગ્રસ્ત પરિવારોને સહાય મળી શકે અને તેઓને ફરીથી છત મળી રહે.

ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓ અને રિલીફ ફંડના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, ચેમ્બર માત્ર વેપાર અને ઉદ્યોગના વિકાસ માટે જ નહીં, પરંતુ સમાજના મુશ્કેલ સમયોમાં માનવતાના ધર્મને નિભાવવા હંમેશાં તત્પર રહે છે. અતિવૃષ્ટિથી પીડિત પરિવારોને તાત્કાલિક રાહત મળી રહે તે હેતુથી આ સહાય પહોંચાડવામાં આવી છે. અત્યાર સુધી ચેમ્બર દ્વારા અનેક કુદરતી આફતોના સમયમાં મદદરૂપ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. ભવિષ્યમાં પણ જ્યાં જરૂર પડશે ત્યાં ચેમ્બર માનવતાપૂર્ણ જવાબદારી નિભાવશે.